# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૪૩ તા.૩૧-૦૩-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- 'યુથ એન્ડ ઈકો કલબ' અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧માં થયેલ પ્રવૃત્તિઓ અંતર્ગત ગ્રાન્ટની ફાળવણી બાબત.

સંદર્ભ:- એસએસએ/ક્યુઈએમ/૨૦૨૦-૨૧/૧૩૧૮૬-૨૫૮ તા.૩૧-૦૩-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજયની તમામ સરકારી પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં યુથ એન્ડ ઈકો કલબની રચના, કામગીરી, સંચાલન અને અમલવારી માટે અગાઉ પરિપત્ર નં.૮૪-બી તા.૨૫-૧૧-૨૦૧૯ અને પરિપત્ર નં.૩૦-એ તા.૦૯-૦૭-૨૦૨૦થી શાળાઓને માર્ગદર્શિકા અને સુચિત પ્રવૃત્તિઓને ધ્યાને લઇ યુથ એન્ડ ઈકો કલબ કાર્યાન્વીત કરવા જણાવવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૯-૨૦માં સરકારી શાળાઓમાં કાર્યાન્વીત કરવામાં આવેલ યુથ એન્ડ ઈકો કલબની પ્રવૃત્તિઓ વર્ષ ૨૦૨૦-૨૧માં પણ ચાલુ રાખવા જણાવવામાં આવેલ છે. જેને ધ્યાને લઇ યુથ એન્ડ ઈકો કલબ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવેલ હશે. શાળાઓમાં યુથ એન્ડ ઈકો કલબ અંતર્ગત કરવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિઓ માટે થયેલ ખર્ચ માટે પ્રાથમિક શાળા દીઠ (ધો.૧ થી ૫) માટે રૂ.૫૦૦૦/-, ઉચ્ચ પ્રાથમિક શાળા દીઠ(ધો.૬ થી ૮ અને ધો.૧ થી ૮) રૂ.૧૫,૦૦૦/-ની ગ્રાન્ટ શાળાનાં એસ.એમ.સી.માં ફાળવવામાં આવશે. જેનો ઉપયોગ યુથ એન્ડ ઈકો કલબની પ્રવૃત્તિઓ માટે કરવાનો રહેશે.

તા.૩૧-૦૩-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી